THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદ્દષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-7 | January–2022 | No. 56

## અનુક્રમણિકા


1. ડો. ભગવાન દાસ...
વિશિષ્ટ વિરલ વ્યક્તિત્વનો વારસો .............શ્રી હર્ષવદન શેઠ 3
2. ધી હિડન સાઇડ ઓફ ધી થીંગ્સ ...............શ્રી ધવલ શેઠ 6
3. પરિવર્તન એ જીવનનું સત્ય છે ....................શ્રી કાન્તિભાઈ પટેલ 8
4. મૃત્યુ – નવજીવનનું પ્રભાત, અનંતનું દ્વાર ....પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા 9
5. જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ .. શ્રી હર્ષદ દવે 12
6. ધર્મ અને વિજ્ઞાન .....................................શ્રી કિરીટ મણિલાલ શાહ 14
7. સાગર પંખી ...........................................શ્રીમતિ પરવીન પટેલ 15
8. સ્વ. વીરાબેન સ્મૃતિ શિબિર અંગેની જાહેરાત . 18
9. શાખા સમાચાર ....................................... 19
10. આપણો પુસ્તક પ્રેમ ................................. 20


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

બુક સ્ટોલ મેનેજર

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭

"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસોફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪
E-mail-gtfsecretory@gmail.com

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

### GTF Jyoti Prakashan Fund

Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# ડૉ. ભગવાન દાસ...
# વિશિષ્ટ વિરલ વ્યક્તિત્વનો વારસો

સંપાદકીય

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ



ડૉ. ભગવાન દાસ

જાન્યુઆરી મહિનાની ૧૨મી તારીખે ૧૮૬૯માં ડૉ. ભગવાન દાસનો જન્મ થયેલો. પોતે ભારતીય થિયોસોફિસ્ટ અને જાહેર જીવનનાં વ્યક્તિ હતાં. ભારતના વારાણસી શહેરમાં અગ્રવાલ કુટુંબમાં જન્મેલાં. ભણવામાં અત્યંત તેજસ્વી હતા. સોળ વર્ષની ઉંમરે બી.એ. અને અઢાર વર્ષની ઉંમરે કલકત્તામાં એમ.એ. (ફિલોસોફી) પૂર્ણ કર્યું. કલેક્શન બ્યુરોમાં ડેપ્યુટી બનવા માટે શાળામાંથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરેલી. ૧૮૯૦ થી ૧૮૯૯ સુધી ઉત્તર પ્રદેશમાં ડેપ્યુટી કલેક્ટર અને મેજિસ્ટ્રેટ બન્યા. ત્યારબાદ શૈક્ષણિક વ્યવસાયો ચાલુ રાખવા માટે તે નોકરી છોડી દીધી. ૧૮૯૪માં બાબુ ભગવાન દાસે ડૉ. એની બેસન્ટના ભાષણથી અત્યંત પ્રભાવિત અને પ્રેરિત થયા બાદ થિયોસોફિકલ સોસાયટીમાં જોડાયા. તેમણે શ્રીમતી બેસન્ટ સાથે ઘણી બાબતોમાં સહયોગ કર્યો હતો. ૧૮૯૫માં થિયોસોફિક સોસાયટી અમેરિકન વિભાગથી અલગ થઈ. અમેરિકામાં તેનું નેતૃત્વ વિલિયમ ક્યુ. જજે સંભાળેલું. બાબુ ભગવાન દાસે આ ભાગલા પછી ટી.એસ. અડ્યારનો પક્ષ લીધો. તેઓ ઈન્ડિયન સેક્ષનનાં જનરલ સેક્રેટરી હતા. પછીના જીવનમાં તેમને બનારસ અને અલ્હાબાદ ખાતે LLD (ડોક્ટર ઓફ લોઝ)ની ડિગ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. દાસ અસહકાર ચળવળ દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા હતા. ૧૯૫૫માં તેમને 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.



ભારત રત્ન

ડૉ. બેસન્ટ સાથે તેમણે વ્યાવસાયિક સહયોગની રચના કરી જેના કારણે સેન્ટ્રલ હિંદુ કોલેજની સ્થાપના થઈ; જે સેન્ટ્રલ હિન્દુ શાળા પણ બની. ૧૯૨૧માં બાબુ શિવપ્રસાદ ગુપ્ત સાથે કામ કરીને, ભગવાન દાસે કાશી વિદ્યાપીઠની સ્થાપના કરી; જે રાષ્ટ્રીય વિદ્યાપીઠ હતી. જેનું નામ મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ રાખવામાં આવ્યું છે. તેમણે તેના હેડમાસ્ટર તરીકે ફરજ બજાવી. સાથે સાથે સેન્ટ્રલ હિન્દુ કોલેજના સેક્રેટરી પણ હતા. દાસ સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત હતા. વળી હિન્દી ભાષા માટેનો અપાર પ્રેમ હતો. તેમણે લગભગ ૩૦ પુસ્તકો લખ્યાં જેમાનાં મોટેભાગે સંસ્કૃત અને હિન્દીમાં છે.

નવી દિલ્હીમાં જ્યાં ભારતની સર્વોચ્ચ અદાલત આવેલી છે તે પ્રખ્યાત રોડનું નામ તેમના નામ ઉપરથી રાખવામાં આવ્યું છે. વારાણસીમાં સિગરા વિસ્તારમાં એક કોલોની બની તેનું નામ પણ 'ડૉ. ભગવાન દાસ નગર' છે.

બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં 'લો હોસ્ટેલ'નું નામ તેમના નામ પરથી ડૉ. ભગવાન દાસ હોસ્ટેલ છે. ભારતીય કાયદા સંસ્થા અને બાર કાઉન્સિલ ઓફ

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

ઈન્ડિયાનું કાર્યાલય નવી દિલ્હીમાં પ્રગતિ મેદાન પાસે ડૉ. ભગવાન દાસ નામ પરના રોડ પર આવેલું છે.

થિયોસોફિકલ સોસાયટી દ્વારા ગાર્ગાયનનો પ્રણવ-વાદના (પ્રણવ મંત્ર (ઓમ્)ના ઉચ્ચારણ વિષે) ત્રણ પુસ્તકો વર્ષ ૧૯૧૦ થી ૧૯૧૩ સુધીમાં પ્રકાશિત કરવામાં આવેલાં જેમાં ડૉ. એની બેસન્ટ દ્વારા ઘણી નોંધોનો સમાવેશ થયેલો છે. ભગવાન દાસનો આરોપ હતો કે આ કૃતિ ગાર્ગ્યાયન નામના ઋષિ દ્વારા નિર્મિત "પ્રાચીન લખાણ"નો "સારાંશિત અનુવાદ" છે. દાસે જણાવેલું કે પંડિત ધનરાજ મિશ્ર કે જેઓ થિયોસોફિસ્ટ હતાં અને બંને આંખે અંધ હતાં તેમણે પોતાની સ્મૃતિથી આ લખાણ તેમની પાસે લખાવવામાં આવેલું. જો કે પુસ્તકના પ્રકાશન પહેલાં જ તેઓ મૃત્યુ પામ્યા હતાં. આ પુસ્તકને 'મામુની મય'ના મૂળ પ્રણવવેદ સાથે કોઈ લેવા દેવા નથી.

'મામુની મય'નો અર્થ બ્રહ્મઋષિ મય છે. તામિલ ભાષાના સંગમ સાહિત્યમાં આવતાં સાંસ્કૃતિક નાયકને અસુર મય દાનવ સાથે ઓળખવામાં આવે છે. મયદાવન (માયાસુર) મહાભારતનું પૌરાણિક પાત્ર છે જેને વાસ્તુશાસ્ત્રના રચયિતા કહેવામાં આવે છે.

ડૉ. ભગવાન દાસે થોડા સમય માટે બ્રિટીશ ઈન્ડિયાની સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીમાં સેવા આપી હતી. તેઓ હિન્દુસ્તાની કલ્ચર સોસાયટી સાથે જોડાયેલાં હતાં. ભારતમાં થતાં જાતિય રમખાણોનો વિરોધ કરવામાં સક્રિય હતાં. બ્રિટીશ શાસનથી રાષ્ટ્રને સંપૂર્ણપણે આઝાદી પ્રાપ્ત થવી જ જોઈએ તે બાબતનાં હિમાયતી હતાં. તેઓ ઘણી વખત સંસ્થાનવાદી સરકાર તરફથી બદલો લેવાના જોખમનો ભોગ પણ બનતાં. ૧૯૨૧માં અંગ્રેજો દ્વારા અસહકાર ચળવળ સાથે જોડાણ માટે એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. પરંતુ સરકારની દરખાસ્ત પર પાંચ અઠવાડિયા પછી જ તેમને મુક્ત કરવામાં આવ્યાં હતાં.

ડૉ. ભગવાન દાસ એક માત્ર એવા થિયોસોફિસ્ટ હતાં જે ઉત્તર ભારતનાં ભારતીય ઈસ્લામિક સંસ્કૃતિના હાર્દ ગણાતાં ઉત્તર પ્રદેશમાંથી આવતાં હતાં. ૧૯૩૪માં ઉત્તર પ્રદેશમાં વિધાનસભા માટે ચૂંટાયા હતા. તેઓ સાચા અર્થમાં સર્વધર્મ સમભાવના હિમાયતી હતાં. જે કોઈ પણ વ્યક્તિએ વિવિધ ધર્મોનો સાચા અર્થમાં અભ્યાસ કર્યો છે તે કોઈપણ ખચકાટ વિના કહી શકે છે કે ભગવાન દાસની મહાન રચના બધાં ધર્મોની આવશ્યક એકતા કરતાં વધુ નથી; જોકે તેમની પર આરોપો પણ થયાં છે કે તેમણે માત્ર વિવિધ શાસ્ત્રોમાંથી છૂટાછવાયાં વાક્યો ચૂંટી કાઢેલાં છે. કોઈપણ સંદર્ભના સંદર્ભ વિના અથવા શાબ્દિકથી આગળના તેમના વાસ્તવિક અર્થોને એકસાથે જોતરે છે... કેવું વિવાદાસ્પદ !

તેઓ થિયોસોફિકલ સોસાયટીને હંમેશા વફાદાર રહ્યાં. તેમ છતાંયે જ્યારે જે. કૃષ્ણમૂર્તિને 'જગદગુરુ' તરીકે જ્યારે ડૉ. બેસન્ટે પ્રસ્થાપિત કરીને ઘોષણા કરેલી ત્યારે તેનો તેમણે સખત વિરોધ કરેલો. જે રીતે સેન્ટ્રલ હિન્દુ યુનિવર્સિટીમાં અને અન્યત્ર 'ઓર્ડર ઓફ ધ સ્ટાર ઈન ધ ઈસ્ટ'ને સમર્થનો આપવાની તથા સભ્યો નોંધવાની ઝુંબેશો શરૂ થયેલી ત્યારે પણ તેનો સખત વિરોધ કરેલો. આ અંગે તેમણે "ધ સેન્ટ્રલ હિન્દુ કોલેજ એન્ડ મિસીઝ બેસન્ટ" શીર્ષક હેઠલ એક પેમ્ફલેટ પણ પ્રકાશિત કરેલું. સૈદ્ધાંતિક વિરોધાભાસ હોવા છતાંયે ઈન્ડિયન સેક્ષનનાં જનરલ સેક્રેટરી તરીકેની જવાબદારી જે રીતે અદા કરેલી તે તેમને એક સત્યનિષ્ઠ થિયોસોફિસ્ટનાં દર્શન કરાવે છે. તેમણે થિયોસોફિક સાહિત્યમાં પણ પોતાનું આગવું પ્રદાન કરેલું છે. જે તેમના "ધ ઈસેન્સીઅલ યુનીટી ઓફ ઓલ રીલીજીઅન્સ" (બધાં ધર્મોની અતિ આવશ્યક એકતા)માં રજૂ થાય છે. આનંદકુમાર સ્વામી તેમના સોસાયટીમાં ગાઢ મિત્ર હતાં.

ડૉ. ભગવાન દાસનું ૧૮ સપ્ટેમ્બર, ૧૯૫૮ના રોજ અવસાન થયું. તેમના અવસાન બાદ ૧૨ જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ ભારત સરકારે સ્મારક સ્ટેમ્પ બહાર પાડ્યો અને એક "શતાબ્દી પુસ્તક" પણ છપાયું.

ડૉ. ભગવાન દાસ સેન્ટ્રલ લાયબ્રેરી પણ ભગવાન દાસ 'સ્વાધ્યાય પીઠ' તરીકે ઓળખાય છે. આ પુસ્તકાલયમાં માનવતા, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનનાં પુસ્તકોનો વિશાળ સંગ્રહ છે.







ડૉ. ભગવાન દાસના માનમાં ટપાલ ટીકીટો

૧૯૦૦માં થિયોસોફિકલ સાહિત્યમાં તેમના યોગદાનને માન્યતા આપવા માટે થિયોસોફિકલ સોસાયટી દ્વારા તેમને સુબ્બા રો મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

ડૉ. દાસે થિયોસોફી, ભારતીય રાષ્ટ્રવાદ, શિક્ષણ અને સંસ્કૃત ગ્રંથોના અનુવાદ સહિતના વિષયોની વિશાળ શ્રેણી પર અંગ્રેજી અને હિન્દીમાં અસંખ્ય પુસ્તકો અને પેમ્ફલેટ લખ્યા છે. જેમાનાં કેટલાક પુસ્તકોનો અહીં હું ઉલ્લેખ કરું છું.

(૧) આધુનિક સમસ્યાઓનાં પ્રાચીન ઉકેલો (એનસીયન્ટ સોલ્યુશન્સ ઓફ મોર્ડન પ્રોબ્લેમ્સ (ટી.પી.એચ. ૧૯૩૩)) (૨) પ્રાચીન વિરુદ્ધ આધુનિક "વૈજ્ઞાનિક સમાજવાદ" અથવા થિયોસોફી અને મૂડીવાદ, ફાસીવાદ, સામ્યવાદ (એનસીયન્ટ વર્સસ મોડર્ન "સાયન્ટીફીક સોશિયાલીઝમ ઓર, થિયોસોફી એન્ડ કેપીટાલીઝમ, ફાસીઝમ, કોમ્યુનીઝમ ((ટી.પી.એચ. ૧૯૩૪)) (૩) એની બેસન્ટ એન્ડ ધ ચેન્જિંગ વર્લ્ડ (અડ્યાર, ટી.પી.એચ. ૧૯૩૪) (૪) ધ સેન્ટ્રલ હિન્દુ કોલેજ એન્ડ શ્રીમતિ બેસન્ટ, ધ રાઈઝ ઓફ ધ એલ્સિઓન કલ્ટ (લંડન એન્ડ શિકાગો, ડિવાઈન લાઈફ પ્રેસ, ૧૯૧૩) (૫) તમામ ધર્મોની આવશ્યક એકતા (અડ્યાર, ટી.પી.એચ. ૧૯૩૨) આ પુસ્તક હિન્દીમાં પણ પ્રકાશિત થયેલું છે.વળી તેને વિશ્વભરના પુસ્તકાલયોમાં વ્યાપકપણે રાખવામાં આવે છે. (૬) યુજેનિક્સ, એથિક્સ અને મેટાફિઝિક્સ (અડ્યાર, ટી.પી.એચ. ૧૯૩૦) (૭) મહિલા શિક્ષણનાં ભારતીય આદર્શો, મદ્રાસ, કરંટ થોટ પ્રેસ, ૧૯૨૯ (૮) કૃષ્ણ અવતારનાં સિદ્ધાંતોનો અભ્યાસ (અડ્યાર ૧૯૨૪) (૯) રહસ્યમય અનુભવો (૧૯૪૫) (૧૦) મુક્ત ભારતનું મારું ચિત્ર, (બનારસ, ઈન્ડિયન બુક શોપ, ૧૯૪૪) આમ આગળ ઉપર યાદી ઘણી લાંબી છે.

ડૉ. દાસે ઘણા થિયોસોફિકલ જર્નલ્સ માટે પણ લખ્યું છે. તેમના જીવનમાંથી પ્રેરણા પામીએ અને કૃતાર્થ થઈએ તેવી અભ્યર્થના.

• • •

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ

શ્રી ધવલ શેઠ

રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

## ન દેખાતાં લોકોની આપણા પર અસર

### એક સ્ત્રીને દેખાયેલાં એક દશ્યનું વિશ્લેષણ

ફરી એક વાર તે સ્ત્રીનાં પત્રનાં શબ્દો જ અહીં મૂકવામાં આવ્યાં છે :

"તે રાતે બીજાં દશ્યો આવ્યાં પરંતુ સંકેતાત્મકતા બદલાઈ ગઈ. મેં એક ખીણ જોઈ કે જેની અંદર માનવજાતિ હતી અને તેની ઉપર હવામાં સફેદ રંગનાં કપડાં પહેરેલાં લોકોનું ટોળું ભટકી રહ્યું હતું, પરંતુ આ સફેદ રંગમાંથી કોઈપણ પ્રકારનો પ્રકાશ નીકળતો નહોતો. માનવજાતિ અંધકારમાં હતી. હું માનવજાતિને જગાડવા માટે ગઈ પરંતુ આ સફદે રંગનાં કપડાં પહેરેલાં લોકો એક જૂથ બનાવીને મને તેમ કરવાથી અટકાવી રહ્યાં હતાં. મને જણાયું કે તેઓ પૃથ્વી પરનાં જાતે જ બની બેઠેલાં ગુરુઓ અને ધર્મરક્ષકો હતાં અને તેઓ અંધકારમાં રહેલી માનવજાતિને દઢપણે દબાવી રાખતા હતાં, પરંતુ અંધકારમાં રહેલી આ માનવજાતિમાં મને એક જાગૃત આત્મા પણ દેખાયો. પોતાના અંદરનાં પ્રકાશથી વધુ જાગૃત અને વધુ પ્રકાશવાન બની રહ્યો હતો અને તે અચાનક જ પોતાની જગ્યા પરથી ઉઠ્યો અને ઊંઘતી દુનિયાથી ઉપર ઉઠીને તેમને જગાડવાનો પ્રયત્ન કર્યો. હું પોતે કોઈ દૂરનાં પર્વત પર ઊભી હોઉં એમ જણાતું હતું પરંતુ જ્યારે પણ આવો કોઈ આત્મા પ્રકાશવાન થઈને જાગૃત થતો ત્યારે તેને હું સ્પષ્ટપણે જોઈ શકતી હતી. આવાં તો ઘણાં પ્રકાશવાન દિપકો ખીલી ઉઠ્યા. સૂર્યનો સોનેરી પ્રકાશ પણ આસપાસનાં પર્વતોની ટોચ પર દેખાવાં લાગ્યો. જેવો આ સોનેરી પ્રકાશ ફેલાવાં લાગ્યો કે તરત જ સફેદ કપડાં પહેરેલાં લોકોનું ટોળું ભાગી છૂટ્યું. તેમ છતાંય દુનિયાને મદદ કરવાના મારા પ્રયત્નોમાં અવરોધો નાંખવાનો તેમનો પ્રયાસ સતત ચાલુ રહ્યો."

"આખી રાત દશ્યો દેખાવાનાં ચાલુ જ રહ્યાં પરંતુ જેમ-જેમ સવાર થતી ગઈ તેમ-તેમ આ દશ્યો ઝાંખા થતાં ગયાં. મારા માર્ગદર્શકે મને ઊઠાડી અને ઉભા થઈને કોફી પીવા માટે તેમજ પોતાની જાતને સ્થિર કરવા માટે જણાવ્યું. કેમકે એવું જણાતું હતું કે જાણે મારો આત્મા મારા શરીરને છોડી દેશે. જ્યારે મેં તેમ કર્યું ત્યારે હું સ્તબ્ધ બની ગઈ. જ્યારે હું કોફી બનાવી રહી હતી તે આખા સમય દરમિયાન મારા માર્ગદર્શક હાજર હતાં અને મને એક અદ્‌ભુત અનુભૂતિ થઈ રહી હતી. હું જાણે દેવદૂતોથી ઘેરાયેલી હતી અને તેઓ મારો આભાર માની રહ્યાં હતાં. આ આભાર વ્યક્ત કરવાની સવાર હતી અને વાતાવરણ તો એકદમ સુવાસિત થઈ ગયું હતું. મેં દરવાજો ઉઘાડ્યો અને દક્ષિણ-પશ્ચિમ દિશામાં નજર નાંખી. હું જાણે કે અલૌકિક જીવોથી ઘેરાયેલી હતી અને તેમની સાથે મળીને પ્રશંસા અને આભારની સ્તુતિઓ ગાઈ. એક વિશિષ્ટ તાજગીભર પરંતુ ન સમજાય તેવી સુગંધ વાતાવરણમાં પ્રસરી ગઈ. મારા માર્ગદર્શકે જણાવ્યું કે દેવદૂતો ધૂપસળી બાળી રહ્યાં છે. ત્યારબાદ મારા માર્ગદર્શકે દિવસમાં ફરીવાર સૂઈ જવા મને જણાવ્યું."

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

"દશ્ય સૌથી વધુ અદ્ભુત હતું. ફરીથી મેં સર્જન જોયું પરંતુ આ વખતે તે અલગ હતું. મેં સમસ્ત માનવપ્રજાતિઓને જોઈ. જેવી માનવપ્રજાતિઓ દેખાઈને અદશ્ય થવા લાગી, મારા માર્ગદર્શકે ગંભીરતાપૂર્વક જણાવ્યું, "અને સાંજ તથા સવાર પહેલો દિવસ હતાં', 'અને સાંજ તથા સવાર બીજો દિવસ હતાં', વગેરે. હું તે વખતે સમજી હોવા છતાંય કોઈક કારણસર અત્યારે એ વર્ણવી શકતી નથી પરંતુ પાંચમી મહાપ્રજાનો ઉદ્ભવ ચોથા દિવસે થયો હતો અને તે જાણે ખૂબ જ મહત્ત્વની જણાતી હતી. તે ઉત્પત્તિ તરફ મારું ખાસ ધ્યાન દોરવામાં આવ્યું. એક સંપૂર્ણ વિકાસ પામેલો પાંચમી મહાપ્રજાનો મનુષ્ય મને અવલોકન કરવા માટે આપવામાં આવ્યો. આ દશ્યમાં મેં જોયું કે પાંચમી મહાપ્રજા સુધી માનવજાતિ દરેક પ્રકારની હતી. ઘણી માનવજાતિ કદમાં વિશાળ હતી અને ઘણી કદમાં નાની હતી. અંધાધૂંધી વ્યાપેલી હતી અને માનવજાતિમાં કોઈપણ વ્યવસ્થા નહોતી. પરંતુ પાંચમી મહાપ્રજાના ઉદ્ભવ પછી મેં જોયું કે સમગ્ર માનવજાતિ એક સમાન બની ગઈ હતી અને તેમની વચ્ચે એક સુસંવાદિતા વ્યાપ્ત થઈ. આ સમયે મેં એ પણ જોયું કે મનુષ્યજાતિએ એક નક્કર સ્વરૂપ લીધું અને સમગ્ર જાતિની આસપાસ એક બંધનપટ્ટી બંધાઈ ગઈ કે જેની બહાર કોઈપણ મનુષ્ય નીકળી શકે તેમ નહોતો. પાંચમી મહાપ્રજાનાં પસાર થતાંની સાથે જ સમગ્ર માનવજાત અચાનક જ ઈંડાકાર આત્મારૂપમાં પરિવર્તીત થઈ ગઈ."

"છઠ્ઠી મહાપ્રજામાં માનવજાતિનો વિકાસ ખરેખર દેખીતો હતો. પાંચમી મહાપ્રજા કરતા મનુષ્યો એકસમાન હતાં છતાં કદમાં તેમનાથી વિશાળ હતાં. આ આખી મહાપ્રજાનું વલણ ખીણમાંથી ઉપર ઉઠવા તરફ હતું અને તેની ગતિમાં વધારો થઈ રહ્યો હતો. હું બરાબર યાદ નથી કરી શકતી પરંતુ પાંચમી મહાપ્રજાનાં અંત અથવા તો છઠ્ઠી મહાપ્રજાનાં શરૂઆતનાં કોઈ સમયે ફરીથી સૂર્યનાં કિરણો પર્વતનાં શિખરો પર છવાઈ ગયાં. આખી મહાપ્રજા અંધકારમાંથી સૂર્યપ્રકાશમાં આવી ગઈ અને આરોહણ અથવા તો ઉપર તરફ ઉઠવાની તેમની પ્રક્રિયા વધુને વધુ ઝડપી બનતી ગઈ, પછી ફરીથી તે સમય આવ્યો અને માળામાં ઈંડાઓ ભેગા થાય તેવી રીતે બધાં જ ઈંડાઓ ભેગા થવા લાગ્યા, પરંતુ તેમની સંખ્યા ખૂબ જ હતી."

"મારા માર્ગદર્શકે મને અહીં છોડી દીધી. તેણે મને જણાવ્યું કે તે મારી સાથે આગળ નહીં વધી શકે. મારે એકલીએ જ આગળ વધવું પડશે અને મને દેખાતાં દશ્યોનું અર્થઘટન મારે જાતે જ કરવું પડશે. તેણે મને મારું જીવન ન ગુમાવી દેવા માટે સાવચેત રહેવાનું કહ્યું. મારી સફળતા પર અને મારું જીવન ન ગુમાવી દેવા પર દુનિયાની મુક્તિ ટકેલી છે કે જેના માટે અમે જેટલું જોયું તે બધું કરવામાં આવ્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો મને લાગતું હતું કે હું દુનિયાની મુક્તિ માટે જાણે એક ભયંકર અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ રહી હતી."

"જ્યારે મેં સાતમી મહાપ્રજાનાં વિકાસને જોયો ત્યારે લાગતું હતું કે જાણે હું કલ્પના ન કરી શકાય તેટલી ઉંચાઈ પર પહોંચી ગઈ હતી. એ બંધનપટ્ટી કે જે પાંચમી મહાપ્રજાને બાંધતી હતી તે છઠ્ઠી અને સાતમી મહાપ્રજાને પણ આવરી લેતી હતી. તે અતૂટ બની ગઈ હતી. જેવા મેં સાતમી મહાપ્રજાના મનુષ્યોનાં ચહેરાઓને જોયાં, તો તેઓ આંતરિક પ્રકાશથી વધુને વધુ તેજસ્વી બની રહ્યાં હતાં. તેમનું તેજ બહારથી આવતું નહોતું પરંતુ તેઓ દરેક જીવિત ચમકતા તેજપુંજ હતાં."

"મારું શરીર ખૂબ જ થાકી ગયું હતું અને સાંજ પડતાની સાથે આરામ કરવા માટે તડપતું હતું. પરંતુ તેને આરામ આપવામાં ન આવ્યો. તેને ઘણીબધી

*(અનુસંધાન પાન-૧૧ ઉપર)*

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

# પરિવર્તન એ જીવનનું સત્ય છે

પ્રસ્તુતિ
શ્રી કાન્તિભાઈ પટેલ
ઉપ-પ્રમુખ : ગુજ. થિયો. ફેડ.
સનાતન લોજ, સુરત

સમય પ્રમાણે પરિવર્તન આવતાં રહે છે. પરિવર્તન એ પ્રાકૃતિક નિયમ છે. વસંત અને પાનખર જેમ પ્રકૃતિનો નિયમ છે એમ માનવીના જીવનમાં પણ સુખદુઃખ આવતાં રહે છે. સમયનું ચક્ર ક્યારેય થોભતું નથી. એમ પરિવર્તનનું ચક્ર પણ ક્યારેય કોઈની રાહ જોતું નથી. વળી સમય પ્રમાણે પરિવર્તન નહીં એનું નામ મૃત્યુ છે. જે સ્થૂળ છે – એ તમામ નાશવંત છે. જે સૂક્ષ્મ છે એ સદા જીવંત છે. આ એક સનાતન સત્ય છે, એ સ્વીકારવું જ પડે.

માણસ સમય સાથે ગતિ કરે છે, એટલે જ્યાં ગતિ હોય ત્યાં પરિવર્તન હોય જ. આપણું જીવન પણ ગતિશીલ છે એટલે પરિવર્તન એ માનવજીવનનું આગવું અંગ છે. જેમ સતત ધબકવું હૃદયની ગતિશીલતા છે, જરૂરિયાત છે તેમ જીવન પરિવર્તનને અનુરૂપ જીવવું એ જરૂરી છે. એટલે જ મૃત્યુને પણ જીવનનું પરિવર્તન ગણી મંગલપર્વ કહેવામાં આવ્યું છે.

કવિ કાલિદાસે પણ કહ્યું છે કે સુખદુઃખ અને ભાગ્યનું ચક્ર હંમેશા ફરતું રહે છે. ચક્ર આરાની જેમ માણસની દશા–સ્થિતિ ઉપર નીચે થતી રહે છે. ગાંધીજી પણ કહેતા કે ઘટનાઓ આવે અને જાય છે. દિવસો ઊગે છે અને આથમે છે. એમ ઘટનાઓનું અસ્તિત્વ છે. આમ જીવનમાં સારા કે માઠા પ્રસંગો આવે ને જાય. આપણા કુટુંબમાં પણ જે કાલે હતું તે આજે નથી કે આવતીકાલ નહીં હોય, જેમ સ્થિતિમાં આપણે ગઈકાલે જીવી ગયા તે આજે ન પણ હોય કે કાલે ન હોય પણ વાસ્તવિકતા સ્વીકારવી જ પડે છે. માણસ બધું યાદ રાખવા બેસે તો મગજમાં, મનમાં મોટો ઢગ ખડકાઈ જાય એટલે જૂનું–ખરાબ ભૂલતા રહેવું પડે છે. સતત ફેરફારને અનુકૂળ થઈ જીવવું પડે છે.

આજે આપણે સમાજજીવન, કૌટુંબિક જીવન, રહેણીકરણી વગેરેમાં સતત પરિવર્તન જોઈએ જ છીએ અને એ સ્વીકારવું પડે છે. નવી પેઢી, જૂની પેઢી જેવી જ બને એવો આગ્રહ છોડી દેવો જોઈએ. નવી પેઢી નવી રીતે જીવે કે જીવશે એ કદાચ જૂની પેઢી કરતાં સવાઈ પણ હશે જ ! પરિવર્તન સાથે ભાગ્યનું ચક્ર પણ ચાલે છે. ગરીબ પરિવારનો છોકરો અબ્રાહમ લિંકન મોટો થઈને અમેરિકાનો પ્રમુખ બને છે એ શું છે ? ભાગ્ય પરિવર્તન – સમય પરિવર્તન નથી ? માટે જે સ્થિતિ આજે છે તેમાં ખુશ રહેવું સંતોષ માણવો. કદાચ કાલે આજના જેવી સ્થિતિ ન હોય સ્થિતિ ખરાબ થાય કે સારી એ સમય અને ભાગ્યની દેન છે. માટે પ્રભુ જે સ્થિતિમાં રાખે એમાં ખુશ રહેવું. એટલે ગાયું છે. 'રામ રાખે તેમ રહીએ, ઓધવજી રામ રાખે તેમ રહીએ.'

(મો. : ૯૩૭૪૯૯૮૮૬૦)

• • •

સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા

# મૃત્યુ
# નવજીવનનું પ્રભાત, અનંતનું દ્વાર

*પ્રસ્તુતિ*

પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા
*અમદાવાદ લૉજ*

મૃત્યુ જ સૌને નવજીવનનું સત્ય સમજાવે છે. ધર્મગુરૂઓ મૃત્યુનો ઉત્સવ ઉજવવાનું શીખવે છે. વિસર્જન વિના નવસર્જન શક્ય નથી. **Demolition before Reconstruction, or Redevelopment.** જન્મ-મરણનાં પગલાં ભરતાં આત્મા ઉદ્‌ગતિ કરે છે. **Winter turns to spring.** ઘોર રાત્રિ પછી જ નવા પ્રભાતનો ઉદય થાય. **Dawn follows a Darknight.** મૃત્યુ નવજીવનનું પ્રવેશદ્વાર ગણાય છે, અનંત જીવન... જીવનનાં દુ:ખોના અંત રૂપે મૃત્યુને જોવાને બદલે તેને નવજીવનની શરૂઆત રૂપે જોવું જોઈએ. પુદ્‌ગલનો સ્વભાવ છે અનેકવાર ખાલી થવા છતાંય સદાય ફરીફરી ભરાયા જ કરે. કવિવર રવિન્દ્રનાથ ટાગોરે તો મૃત્યુને મિત્ર રૂપે આવકાર્યું છે. વિશ્વ પ્રસિદ્ધ કાવ્યો 'ગીતાંજલિ'માં તેઓ લખે છે : "મૃત્યુ પણ મને એટલું જ વહાલું લાગશે, હું જાણું છું, જેમ આ જીવન મને વહાલું છે." **"And because I love this life, I know, I shall love death as well."** (ગીતાંજલિ, કાવ્ય-૯૫). માનવીના જીવનમાં જન્મ તથા મૃત્યુ તો એક પૂલના બે છેડા સમાન છે. ત્યાં અંત નથી, માત્ર અનંત સાથે જોડાણ છે. **Continuity as a result of connectivity. It is Eternity.** પ્રકૃતિ-પ્રેમી અંગ્રેજ કવિ વિલિયમ્ વર્ડ્ઝવર્થ લખે છે : **"Not in entire forgetfulness, and not in utter nakedness, but trailing clouds of glory, do we come, from God who is our home." Clouds of glory** ને અમૃતના પુત્રો કહ્યાં છે. અમૃત એટલે **eternity.** પૂર્વજન્મના સંસ્કારોના વસ્ત્રો ધારણ કરીને આત્માનું પ્રયાણ થતું હોય છે. ફૂલોની સુગંધ જેમ હવામાં વહેતી હોય છે, પણ દેખી શકાતી નથી, તેમજ આત્માનાં સંસ્કારરૂપે વસ્ત્રો પણ દેખી શકાતા નથી. પ્રત્યેક આત્માનું અંતિમ નિવાસસ્થાન તો ઈશ્વર જ છે : **"God who is our home."** કેવો સુંદર વિચાર ! આત્માની યાત્રા અવિરત છે. અનેક જન્મોમાંથી તેને પસાર થવું પડે છે. શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતામાં અર્જુનને કહે છે : "હું કોઈ કાળમાં ન હતો એવું નથી, તું ન હતો કે આ રાજાઓ ન હતા એવું પણ નથી, અને એવું પણ નથી કે હવે પછી આપણે બધા નહીં હોઈએ ! (૨, ૧૨).

આત્માની યાત્રા અવિરત છે, જ્યાં અંત થતો જણાય છે, તે પણ અનંતનો જ એક ભાગ છે. આપણા સૌમાં એક તત્વ એવું છે, ઈશ્વરીય અંશ રૂપે, જે અવિનાશી છે, જેનો કદી અંત નથી, જેનો કદી નાશ થઈ શકતો નથી, જે નથી કદી હણતો કે નથી કદી કોઈના વડે હણાતો. તે છે આપણું પરમાત્માપણું, પરમતત્ત્વનો અંશ, જે સૌમાં સમાન છે. જે અવિનાશી છે, જે મૃત્યુથી પર છે. તેથી "જેમના પ્રાણ જતા રહ્યા છે, કે જેમના પ્રાણ નથી ગયાં. તેમના માટે જ્ઞાનીજનો શોક નથી કરતા." (૨, ૧૧)

પૂજ્ય શ્રી મોટા (હરિઃ ૐ આશ્રમવાળા, નડિયાદ, સૂરત) લખે છે કે 'જીવન' એટલે અનંત જન્મોના સંસ્કાર લઈને આવેલા 'જીવ'ની ચેતનશક્તિની માનવી દેહ દ્વારા થતી વહન ક્રિયા." આ પણ પુદ્‌ગલ છે. વિજ્ઞાનીઓ, વિચારકો અને કવિઓ સૌ જાણે છે કે **"There is something inside us that never perishes."** એને **stream of consciousness** કહે છે. આપણા સૌમાં એક અવિનાશી તત્ત્વનો વાસ છે.

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

જીવન એટલે ચેતનાનો અવિરત પ્રવાહ, ચૈતન્ય ! પ્રકૃતિએ અનેકવાર માનવ-જીવન સામે અકલ્પ્ય, અકથ્ય પડકારો સર્જ્યાં છે, છતાંય સદીઓથી માનવ આ પૃથ્વી ઉપર હયાત છે. હજુ આગળ અન્ય ગ્રહો પર વસવાની પણ તેની ઈચ્છા છે ! આ બધું આપણા સમયમાં જ બની રહ્યું છે. હજુ હજારો વર્ષો સુધી પણ કદાચ માનવજીવન તેના નવા વિકસિત સ્વરૂપે અસ્તિત્વ ટકાવી રાખી શકે.

ગીતાના બીજા અધ્યાયનાં ૧૭માં શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે : "નાશ રહિત તો તું તેને જાણ, જેનાથી આ સકળ જગત-દૃશ્ય વર્ગ વ્યાપ્ત છે. આ અવિનાશીનો વિનાશ કરવા કોઈપણ સમર્થ નથી." જે અવિનાશી છે તેને મૃત્યુ શાનું, પછી શાનો ડર ? જેમ માણસજૂના વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે, તેમજ જીવાત્મા જૂના શરીરો ત્યજીને બીજાં નવાં શરીરો પામે છે. સુંદર ફૂલો કરમાઈને ખરી પડે છે, તો નવાં ફૂલો પણ પાછાં ઊગે જ છે ને ?

ચીનમાં એક કહેવત છે કે મૃત્યુ પામવું એટલે માણસનું ઘર બદલવું, નવા રહેઠાણમાં વાસ કરવો. અમેરિકન કવિ **H.W. Longellow** તેમના અમર કાવ્ય **'A Psalm of Life'**માં લખે છે : **"Life is real, life is earnest, and the grave is not its goal; Dust thou art, to dust returnest was not spoken of the soul."** (આત્મા અમર છે) "જાતસ્ય હિધ્રુવો મૃત્યુ, ધ્રુવે જન્મ મૃતસ્ય ચ !" (ગીતા)

સમાચાર માધ્યમો દ્વારા આજે આપણી વચ્ચે એક ભયની દિવાલ કે માયાજાળ રચવામાં આવી છે. નવા નવા વિચિત્ર રોગોના નામ જાણવા મળે છે. સફેદ, કાળી, પીળા રંગની ફૂગ (**Fngus**)નો ભય પેદા કરવામાં આવી રહ્યો છે. નાના બાળકોને હવે જલદી ચેપ લાગી શકે માટે તેમને સાચવવા જરૂરી છે. જાણે અજાણે આપણી વચ્ચે આવી ભયની **Culture develop** થઈ રહી છે, આમાં મૃત્યુનો ડર વધી પડે છે. જાણે કે આર્થિક હિતો સાચવવાનાં હેતુથી કેટલાક વૈશ્વિક બળો પરસ્પર વિરૂદ્ધ ઝઝુમી રહ્યા હોય તેમ લાગે છે. આવી વિનાશક વિચારધારાનો કોઈ અંત દેખાતો નથી. સમાજ-જીવન અસ્તવ્યસ્ત બની ગયું છે, જેને થાળે પાડતાં કેટલા મહિનાઓ લાગશે તે કહી શકાતું નથી. પૃથ્વીનો નહીં તો માનવજાતના નાશનો લક્ષ્યાંક હોઈ શકે !

જેને ઈશ્વરમાં શ્રદ્ધા ના હોય તેવા ઘણા કહેવાતા બુદ્ધિજીવીઓ જાતજાતના સવાલો પૂછે છે : શા માટે અહીં ભલા લોકોને જ દુઃખ પડે છે ? આ પ્રશ્ન ઘણો પુરાતન છે. બિચારા ગરીબોનો જ શું વાંક ? તેઓ કેટલા દુઃખી છે ? જો ઈશ્વર દયાળુ જ હોય તો અને સર્વ શક્તિમાન હોય તો પછી શા માટે નિર્દોષ લોકો જ આવા દુઃખી થાય છે ? અહીં ઈશ્વરને સર્વજ્ઞ, સર્વવ્યાપક અને સર્વશક્તિમાન ગણતા હોવાથી ઈશ્વરનો જ વાંક દેખાય છે, મનુષ્યે કરેલાં કર્મોનો હિસાબ લેવાતો નથી, કર્મનો ન્યાય તો સફર છે, બીજમાંથી વૃક્ષ થાય છે, જેવું બીજ તેવું વૃક્ષ. પરમેશ્વરે જ જગતમાં પાપ-પૂણ્યની વ્યવસ્થા રચી છે. પાપને કારણે જ પૂણ્યનું મૂલ્ય સમજાય છે. બુદ્ધિજીવીઓ એવો પણ જવાબ આપે છે કે જો ઈશ્વર આપણા દરેક નાના-મોટા કર્મોનો ન્યાય કરવા બેઠા હોય, તો મનુષ્યને બક્ષેલી સ્વતંત્ર વિચાર-વાણી-કાર્ય શક્તિનું શું ? મનુષ્યમાં રહેલી વિવેક-બુદ્ધિનું શું મહત્ત્વ રહેશે ?

થિયોસોફીમાં જે પાયાના સત્યો ગણાય છે તેવા કર્મનો સિદ્ધાંત અને પૂનર્જન્મની માન્યતા જેને વેદો, પુરાણોનો પ્રબળ આધાર છે તથા જે જગતના ધર્મોમાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે તે આ પ્રશ્નોનાં ઉત્તર આપવામાં આપણને મદદરૂપ થાય છે. આપણે સૌ બુદ્ધિશાળી જીવો સાર-અસારની સમજ કેળવી શકીએ

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

છીએ, શું સારૂં, શું નહીં અથવા શ્રેય અને પ્રેયનો ભેદ પારખી શકીએ છીએ. સ્વજનને ગુમાવવાનું દુઃખ પણ અસહ્ય હોવા છતાં, પ્રાકૃતિક બળોને આધીન હોવાથી સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. આપણે આપણા શરીર-મનની તંદુરસ્તી વિશે જરૂર વિચારી શકીએ છીએ, સૌ તેમ કરી શકે તો સારૂં નહીં ? આપણા આહાર-વિહાર વિશેની જાગૃતિ મદદરૂપ બને છે. વળી પદાર્થો કે વ્યક્તિઓ પરની વધુ પડતી આસક્તિ તો જરૂર દુઃખદાયી બને છે. આપણું શરીર પણ આપણું નથી. ભાડાનું ઘર છે, સમય આવે ખાલી કરવાનું ટાળી ના શકાય. ઈશ્વર જે કંઈ આપે છે તે બધું જ પાછું લઈ લેવાનું જ છે. આપણી વિવેક શક્તિ, શ્રેય-પ્રેયનું જ્ઞાન જ આપણને બચાવશે. આપણે જેને પણ પ્રેમ કરીએ છીએ તેના પર માત્ર આપણો જ હક નથી, પ્રકૃતિનો ભાગ હોવાથી તે પ્રકૃતિના નિયમોને આધીન છે. સ્વજનો, ગરીબો, દુઃખી લોકો બધાં જ આ પ્રકૃતિના નિયમો પાળવા બંધાયેલા છે, ઈશ્વર પણ...!

એક સુંદર વિચાર અહીં વ્યક્ત કરૂં : **"The pain of loss is the price we pay for the blessing of love."** જીવનનો આ એક અર્થ છે, મૃત્યુ પણ સુંદર છે !

એક કવિએ કહેલું કે "હું અહીં (પૃથ્વી પર) ફરવા આવ્યો'તો !" પૃથ્વી પરનું જીવન એ કવિ માટે **final stop** નહતું. ચેતનાનું જીવન તો સદા વહ્યા જ કરે છે : તે વહેણ અવિરત છે. આ છે **Spiritual awakening.** તે માટે કોઈપણ ધાર્મિક માન્યતા, મૂર્તિપૂજા કે પવિત્ર પુસ્તકની જરૂર નથી રહેતી. આવી વૈશ્વિક ચેતના સમગ્ર માનવજીવનને સ્પર્શે છે. બધા ધર્મો પણ તેને સ્વીકાર છે. આવા જ્ઞાનના ઉદયથી સર્વ પ્રકારનાં દુઃખોનો નાશ થાય છે. નવજીવનનું પ્રભાત, અમરત્વનું વરદાન !

હરિઃ ૐ ! અસ્તુ !

(લેખક : મો. નં. : ૯૭૨૭૭૬૧૩૮૦)

---

(ધી હિડન સાઈડ..... પાના-૦૭ ઉપરથી ચાલુ)

કસોટીઓમાં મૂકવામાં આવ્યું. ઘણી કસોટીઓ ભયંકર હતી અને તેમાંથી પાર થવા માટે મારા શરીરની ઘણી બધી ઊર્જા ખર્ચાઈ ગઈ. આ કસોટીઓ કેવા પ્રકારની હતી તે હું જાણતી નથી. હું એટલું જાણું છું કે કોઈપણ પરિસ્થિતિમાં ઈશ્વરનો સંદેશો પહોંચાડવાનું મેં વચન આપ્યું હતું. પરંતુ કસોટીઓ ખૂબ જ ભીષણ હતી. એક સમયે તો મેં દૃશ્યો વધુને વધુ સુંદર બનતા જતાં હોવા છતાંય તેમને ન જોવાનું નક્કી કર્યું. દૃશ્યો દેખાવાનાં બંધ થયાં અને હું જાણે કોઈ શેતાનની શક્તિના પ્રભાવ હેઠળ હોઉં એવું લાગવા લાગ્યું."

"થોડો સમય તો હું માનવા લાગી કે મારી વિકૃતતાની સજાના ભાગ રૂપે મેં બધું જ ગુમાવી દીધું. ભયંકર કટોકટી પસાર થઈ ગઈ હતી. મારી નિષ્ફળતાનાં પરિણામ રૂપે દુનિયાની હાર થઈ હતી અને હવે તો માત્ર દુનિયા જ નહીં પરંતુ સમગ્ર બ્રહ્માંડ જાણે હારી ગયું હોય તેમ લાગતું હતું. ત્યારબાદ તો મેં કેટલી પ્રાર્થનાઓ અને સંઘર્ષો કર્યા ! બધું સમુસુથરું થઈ જાય તેના માટે મેં માત્ર પોતાનો જીવ આપવાનું જ પ્રણ નહીં પરંતુ મારા બાળકો તેમજ મારી આત્માનું પણ બલિદાન આપવાની પ્રતિજ્ઞા લીધી."

"હું અહીં વિલંબ ન કરી શકું. સવાર થતાંની સાથે એક અદ્‌ભુત શ્વાસ મારા શરીરમાં પ્રવેશ્યો. તે કરોડરજ્જુની ઉપર અને નીચે તરફ પ્રસર્યો. જાણે કે મારા શરીરમાં તેના માટે કશું અડચણરૂપ હતું જ નહીં. તે જેવો મારા શરીરમાં પ્રવેશ્યો ને જાણે એક અદ્‌ભુત દૈવી જ્ઞાન શરૂ થયું અને હું જાણે ઈશ્વરમાં એકાકાર થઈ ગઈ હોય તેવું લાગ્યું તેનું વર્ણન કરવું અશક્ય હતું."

(ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

# જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ

(મૂળ લેખક : પી.કૃષ્ણા, • અનુવાદક : શ્રી હર્ષદ દવે)

*પ્રસ્તુતિ*

શ્રી હર્ષદ દવે
*રેવા લોજ, વડોદરા*

**પ્રકરણ – ૧**

**મેં જેવા જાણ્યા તેવા કૃષ્ણમૂર્તિ**

'જે સમજણ આપે છે તે પ્રેમ. જ્યારે તમારું હૃદય પ્રેમથી ભરેલું હોય છે ત્યારે તમે તમારા શિક્ષકને, ભિખારીને, બાળકોનાં હાસ્યને, ઈન્દ્રધનુષને અને મનુષ્યના દુઃખને સાંભળો છો. જે શાશ્વત છે, તે દરેક પત્થર અને પાંદડાની નીચે રહે છે, પરંતુ આપણને તેને જોતાં નથી આવડતું. આપણું હૃદય અને મગજ જે સામે છે તેને સમજવાને બદલે અન્ય વાતોથી ભરેલું રહે છે. પ્રેમ અને દયા, ઉપકાર અને ઉદારતા દુશ્મનાવટ ઊભી નથી કરતાં. જ્યારે તમે પ્રેમ કરતા હો ત્યારે તમે સત્યની બહુ જ નજીક રહો છો, કારણ કે પ્રેમથી સંવેદના અને કોમળતા ઉદ્‌ભવે છે. જે સંવેદનશીલ હોય છે તેમને માટે નવીનીકરણ શક્ય હોય છે અને ત્યારે સત્ય અસ્તિત્વમાં આવે છે, જ્યારે તમારું હૃદય અને મગજ દુશ્મનાવટ અને ભ્રમથી લદાયેલું હોય છે ત્યારે સત્ય અસ્તિત્વમાં આવી શકતું નથી.'

*– કૃષ્ણમૂર્તિ, મુંબઈ*
*૧૪ માર્ચ, ૧૯૪૯, નવમો વાર્તાલાપ.*

સામાન્ય રીતે આપણે કોઈ વ્યક્તિનું તેના વંશ, કુટુંબ, શિક્ષણ અને યોગ્યતા દ્વારા વર્ણન કરીએ છીએ, પરંતુ એ બધું કૃષ્ણમૂર્તિને સમજવા માટે અપ્રસ્તુત છે, કારણ કે તેઓ જીવનમુક્ત હતા; એક મુક્ત આત્મા સાથે તેઓ જીવતા હતા. તેમની ચેતનાનું પાસું તદન જુદું જ હતું, જેને પ્રામાણિક રીતે આપણે સહુ ત્યારે જ જાણી શકીએ કે જ્યારે આપણે આપણી અંદર એ ચેતનાને જાગ્રત કરી શકીએ. તેને વિષે આપણે કલ્પના કરી શકીએ, અટકળો બાંધી શકીએ, પરંતુ એ મનુષ્યની ચેતનાની વાસ્તવિક સુગંધ ક્યાંથી લાવી શકીએ ? એવું કરવામાં જે મુશ્કેલીનો હું સામનો કહી રહ્યો છું તેના સંદર્ભમાં મને ગીતાનો એક સંવાદ યાદ આવે છે.

અર્જુન કૃષ્ણને પૂછે છે, 'મને જણાવો કે આ મુક્ત વ્યક્તિ કેવી હોય છે, તે કેવી રીતે જીવે છે, કેવાં કાર્યો કરે છે, કેવી રીતે ખાય છે અને કેવી રીતે સૂએ છે ?' કૃષ્ણ લાંબો જવાબ આપે છે પણ તેનો સાર, જે મને સમજાયો છે તે છે, 'બહારથી તે વ્યક્તિ કોઈપણ સામાન્ય વ્યક્તિ જેવી જ દેખાશે, તે વ્યક્તિ સામાન્ય વ્યક્તિની જેમ જ ખાતી, સૂતી અને કામ કરતી હોય છે; પરંતુ તે સાવ અલગ હોય છે કારણ કે તે એ કારણે આ બધાં કાર્યો નથી કરતી જે કારણે સામાન્ય વ્યક્તિ કરતી હોય છે.' તફાવત તેની ચેતનામાં હોય છે જેની સાથે જે જીવે છે અને તેનું મહત્ત્વ છે નહીં કે તેની લાયકાત, શિક્ષણ, વક્તૃત્વ ક્ષમતા અથવા તે જે ભાષણ કરે છે તે બધાનું, આ બધી ક્ષમતાઓ વગર પણ તેનું મહત્ત્વ ઓછું નથી થતું. એ ચેતનાનાં વિસ્તારને કેવી રીતે દર્શાવી શકાય ? તેની હાજરીમાં તેનો અનુભવ કરી શકાય છે પણ શબ્દોમાં તેનું વર્ણન કરવું શક્ય નથી. જે શબ્દોમાં જણાવી શકાય તે તો તેમના બાહ્ય કાર્યો છે, જે શબ્દ તેમની પાસેથી સાંભળ્યા, જે વિચારો તેમની પાસેથી મળ્યા, વગેરે; પરંતુ જે ચેતના દ્વારા એ બધું ઉત્પન્ન થયું તે માનસિક અવસ્થાને જણાવી ન શકાય. તે બે રેખાઓ વચ્ચે જે અનુભવાય છે તેવું છે. છતાં પણ હું કોશિશ કરીશ !

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

### પ્રથમ સંપર્ક

કૃષ્ણજીના શિક્ષણ સાથે મારો પહેલો સંપર્ક ૧૯૫૫માં થયો. ત્યારે હું ૧૭ વર્ષનો હતો અને મધ્ય ભારતના મારા શહેર ઈન્દોરની એક કોલેજમાં અભ્યાસ કરી રહ્યો હતો. ઉનાળાની રજાઓમાં વાંચવા માટે કોઈ પુસ્તક મારા પિતાજીના કબાટમાં શોધી રહ્યો હતો ત્યારે કૃષ્ણજીની એક નાની પુસ્તિકા મારા જોવામાં આવી, જેનું શીર્ષક હતું 'ટોક્સ વિથ સ્ટુડન્ટસ.' મેં કૃષ્ણજી વિષે કાંઈ સાંભળ્યું ન હતું તેમજ હું તેમને વિષે કાંઈ જાણતો પણ ન હતો. પણ શીર્ષકથી આકર્ષાઈને હું તેને વાંચવા લાગ્યો. તેમાં તેઓ એવા કેટલાય પ્રશ્નોની વાત કરતા હતા કે જે મારા મનમાં પણ આવતા હતા, પરંતુ તેનો ઉલ્લેખ ન અમારા શિક્ષકો ક્યારેય કરતા કે ન તો તેને વિષે ક્યારેય કોઈ ચર્ચા કરતા. તેઓ વિદ્યાર્થીઓને પૂછતાં હતાં, 'જ્યારે શિક્ષક ક્લાસમાં આવે ત્યારે તમે ઊભા કેમ થઈ જાઓ છો ?'' કોઈએ કહ્યું, ''માન આપવા માટે' ત્યારે પૂછ્યું, ''ડર અને માન વચ્ચે શો તફાવત છે ?'' તેઓ છોકરીઓને પૂછતા હતા, ''માથા પર આ ચાંદલો કેમ કર્યો છે ?'' ''શું તમને સહુને એ ખબર છે કે એવું કેમ કરો છો ? તેનો શો અર્થ છે ?'' ''શું તમે ક્યારેય તમને પોતાને પ્રશ્ન કર્યો છે ? શિક્ષણનો હેતુ શો છે ? તમે પરીક્ષાર્થી આટલા બધા ડરો છો શા માટે ?'' અમારા શિક્ષણમાં આ બધા પ્રશ્નો ક્યારેય પૂછવામાં આવતા ન હતા, એટલે મારું યુવાન મન આકર્ષાયું અને મારા મનમાં તેમના બીજાં પુસ્તકો વાંચવાની ઈચ્છા જાગૃત થઈ. તેથી મેં પિતાજીને કૃષ્ણમૂર્તિ વિષે પૂછ્યું તો તેમણે મને જણાવ્યું કે કૃષ્ણમૂર્તિ કેવી રીતે થિયોસોફીકલ સોસાયટીમાં આવ્યા અને તેમના જીવનની વિષે વાત કરી. મારા પિતાજી (શ્રી નીલકંઠ પદ્મનાભન) તેમનાથી બે વર્ષ જ નાના હતા અને તેઓ પણ મદ્રાસમાં એ જ સોસાયટીમાં ૧૯૨૦ સુધી મોટા થયા હતા.

તે સમયે ઈન્દોરમાં અંગ્રેજીમાં કૃષ્ણમૂર્તિનું એક જ પુસ્તક ઉપલબ્ધ હતું : 'પ્રથમ અને અંતિમ મુક્તિ'. તે વાંચીને હું ખૂબ જ પ્રભાવિત થયો. તેને વાંચીને મારા મનમાં કૃષ્ણમૂર્તિની એક છબી બની ગઈ જે એકદમ અવિચળ અને સ્થિતપ્રજ્ઞ હોય એવા બુદ્ધના એક અનુયાયી સંન્યાસી જેવી હતી. તેથી હું જ્યારે તેમને દિલ્હીમાં ૧૯૫૮માં પહેલીવાર મળ્યો તો મને એક આંચકા જેવું લાગ્યું. કારણ કે તેઓ એ છબી જેવા બિલકુલ ન હતા !

(મો. : ૮૭૫૮૭૪૬૨૩૬)

(શાખા સમાચાર ..... પાના-૧૯ ઉપરથી ચાલુ)

ભાવનગર લોજના સક્રિય સભ્યોની જનરલ બોડી મીટીંગ તા. ૧૩.૧૨.૨૦૨૧નાં રોજ મળી હતી. આ મીટીંગમાં હોદ્દેદારોની નિમણૂંક થઈ હતી. પ્રમુખશ્રી મનજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી રસીકભાઈ ગોહીલ, મંત્રીશ્રી હરેશભાઈ જોષી, ખજાનચીશ્રી દીપકભાઈ કોઠારી તથા ગ્રંથપાલ તરીકે શ્રી પ્રવિણભાઈ માંડલિયાની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. હવે પછી તા. ૨૫.૧૨.૨૦૨૧ થી દર શનિવારે સાંજના ૬ થી ૭ દરમિયાન ભાવનગર લોજની મીટીંગો સભાખંડમાં નિયમિત રીતે મળશે. (મંત્રીશ્રી હરેશભાઈ જોષી દ્વારા)

- **સનાતન લોજ, સુરત :** ડિસેમ્બર દરમિયાન ૧લીએ ''સંપૂર્ણ સર્જન એક જ પરમાત્માનો વિસ્તાર છે'' વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરિયા (નેશનલ લેક્ચરર અને લોજના ઉપપ્રમુખ), ૮મીએ ''ભર્તૃહરિનું નીતિશતક'' વિષે લોજ પ્રમુખશ્રી ઉદય પાકાવાલા, ૧૫મીએ ''શ્રી ગુરુચરણે-ગુરુનું મહત્ત્વ'' વિષે લોજ મંત્રીશ્રી હિતેશ પટેલ તથા ૨૨મીએ 'વેદ અને વિજ્ઞાન' વિષે 'આર્ટ ઓફ લીવીંગ' સંસ્થાના અગ્રણી કાર્યકર શ્રીમતિ મનશ્રી દેસાઈએ પ્રવચનો કર્યા. ૨૯મીએ સુશ્રી પ્રતિભાબેન પારેખે સાપુતારાની વીલાઝ ઈ-રીસોર્ટ ખાતે 'ભારત સમાજ પૂજા' અધ્વર્યુ સ્થાનેથી કરાવી.

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

*પ્રસ્તુતિ*

શ્રી કિરીટ મણિલાલ શાહ
*અમદાવાદ લોજ,*

# ધર્મ અને વિજ્ઞાન

જગતના મોટાભાગના ધર્મો ઈશ્વરની માન્યતા ધરાવે છે. આ જગત ઈશ્વર પ્રેરીત અને નિયંત્રીત છે એમ પણ માને છે. ઈસ્લામમાં મહંમદ પેગંબરને અલ્લાહના પેગંબર માનવામાં આવે છે. ખ્રિસ્તીઓ ઈસુને ઈશ્વરના એક માત્ર પુત્ર માને છે. ગાંધીજી પોતાને ચૂસ્ત હિંદુ તરીકે ઓળખાવતા હતા. તેઓ માનતા કે સત્ય એ જ ઈશ્વર છે. સત્ય એ સત્‌માંથી નીકળેલો શબ્દ છે અને સત્ય એટલે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં હોવું. માણસનું ધ્યેય જીવન દરમિયાન વધુ ને વધુ ઈશ્વરને પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ અને જરૂરીયાતવાળાઓને મદદ કરવાથી તમે વધુ ને વધુ સત્ય એટલે કે ઈશ્વર પ્રતિ જઈ શકો છો. જેમ જેમ તમે વધુ નજીક પહોંચો છો તેમ તેમ તમને વધુ ને વધુ ઈશ્વરની, સત્યની ઝાંખી થતી જાય છે.

આધુનિક વિજ્ઞાન માને છે કે આ બ્રહ્માંડની ઉત્પત્તિ આશરે ૧૩૭૦ કરોડ વર્ષ પહેલાં થઈ હતી. એક અતિ નાના સૂક્ષ્મ કણમાં એક વિરાટ વિસ્ફોટ થયો અને તેમાંથી અખૂટ શક્તિનો પૂંજ છુટવા લાગ્યો. આ શક્તિનું દ્રવ્યમાં રૂપાંતર થયું અને અવકાશમાં અસંખ્ય તારાઓ, ગ્રહો, ઉપગ્રહો, નીહારીકાઓ અને આકાશગંગાઓ રચાઈ. પૃથ્વી તેમાંનો એક ગ્રહ છે. સમય જતાં પૃથ્વી ઉપર પાણીમાં એક નાનો જીવ પેદા થયો અને તેમાંથી સમગ્ર પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિની રચના થઈ અને તે જીવસૃષ્ટિનો એક જીવ એટલે માનવ. આ બ્રહ્માંડનું ભવિષ્ય વિષે એમ કહી શકાય કે આ અખૂટ શક્તિથી પ્રકાશિત તારાઓ અને ગતિમાન સર્વે વસ્તુઓ શક્તિનો સ્ત્રોત પૂરો થતાં ફરી નાશ પામશે અને શૂન્ય સર્જાશે. ફરી પાછો કોઈ **Big Bang** થઈ ફરી બ્રહ્માંડનું સર્જન થશે ?! આધુનિક સમયના મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકીન્સ કહે છે : વિજ્ઞાન આ વિષે શોધખોળ કરી રહ્યું છે. તેઓનું માનવું છે કે જેમ પાણીમાં રહેતી માછલીને પાણી બે પરમાણુ હાઈડ્રોજન અને એક પરમાણુ ઓક્સિજનનું બનેલું છે તેવું સત્ય ખબર નથી, તેમ બ્રહ્માંડ વિષેનું સંપૂર્ણ સત્ય માણસ જાણી ન પણ શકે.

આમ વિજ્ઞાન સત્યની ખૂબ નજીક જઈ શકે છે, પરંતુ તેને સત્યનું સંપૂર્ણ દર્શન થતું નથી. તેમ ધર્મમાં પણ ઈશ્વરની સત્યની ઝાંખી થઈ શકે છે પણ સંપૂર્ણ દર્શન થઈ શકતું નથી.

(લેખક : મો. નં. : ૯૬૮૭૪૩૮૦૩૦)

---

(સાગર પંખી ..... પાના-૧૭ ઉપરથી ચાલુ)

હોય ! કોઈપણ જાતનાં સૂચન વિના ક્ષણમાત્રમાં તે પચાસ ફૂટ દૂર જણાયો. બીજી પળમાં તેની ઉપર આવીને બોલતો સંભળાયો, "આ એક રીતની મોજ છે." દેવાચનની ઉચ્ચ ભૂમિકાએ ગુરૂ પોતાના શિષ્યને પૂર્ણત્વની દિશાએ પ્રયાણ કરવા માટે કારણ શરીર દ્વારા જાગ્રત કરે છે. શિષ્ય તૈયાર થતાં જ ગુરુની સહાય મળી રહે છે. પૂર્ણત્વ એટલે અવ્યક્તિનો સાક્ષાત્કાર ! તેને સ્થળ અને સમયની મર્યાદામાં સીમિત કેમ બનાવાય ? ગુરૂ શિષ્યની તૃટિ આંગળી ચીંધીને નથી બનાવતા, પરંતુ એકાદ એવો અનુભવ કરાવીને શિષ્યને પોતાનેજ તૃટિ પરત્વે સજાગ કરે છે. (ક્રમશઃ)

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)

---

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**

**ભાવનગર લોજ**

*પ્રસ્તુતિ*
શ્રીમતિ પરવીન પટેલ
*રેવા લોજ, વડોદરા*

## સાગર પંખી

*ગતાંકથી આગળ...*

કોઈપણ સીગલ પોતાના વડિલોની સામે પ્રત્યુત્તર વાળી શકે નહિ. જોનાથન તો હિંમતપૂર્વક તેઓને સમજાવવા પ્રયત્ન કરે છે, "હજારો વર્ષોથી આપણે સૌએ ખાઈપીને સમયની બરબાદી કરી છે, પણ સીગલ જીવનના ઉચ્ચ મર્મને પામવાની કોશિષ કરવી તેને તમે બિનજવાબદારી કહો છો ? જીવન જીવવા યોગ્ય છે, જીવન શિક્ષણ, સંશોધન અને મુક્તિ અંગે છે ! મને એક જ તક આપો. જે કંઈ શીખ્યું છે તે બીજાને શીખવાડવાની. પણ અન્ય સીગલો શિક્ષા પામેલાં સીગલ જોડે વાત કરવા તૈયાર ન હોવાથી પીઠ ફેરવી આંખો બંધ કરીને બેઠાં. બંધિયાર મન રૂઢિગત ચીલે ચાલતું હોવાથી, કોઈપણ નવો પ્રવાહ, નવો ફેરફાર, નવો વિચાર સફળતાપૂર્વક સ્વીકારવા તૈયાર નથી. મનનાં બારીબારણાં બંધ હોવાથી નવી વાત સાંભળવા પણ તૈયાર નથી. માનવજાતિના ભૂતકાલીન ઈતિહાસ પ્રતિ દૃષ્ટિપાત કરતાં જાણવા મળે છે કે પ્રત્યેક નવા વિચારની શરૂઆત વેળા સમાજમાં ઉહાપો જાગ્યો હતો અને વિચાર રજૂ કરનારને દ્વેષ-ભાવપૂર્વક હદપાર કર્યો હોય અથવા તેના દેહનું બલિદાન લીધું હોય. જેની ચેતનાની ભૂમિકા વ્યાપકતાને સ્પર્શી છે તેવી વ્યક્તિ પ્રશંસાની ભૂખી છે, તે તો પોતાના અનુભવમાં બીજાને ભાગીદાર બનાવી સૌ કોઈનું કલ્યાણ વાંચ્છે છે. આપણા કરતાં જેણે વધુ જોયું છે, અનુભવ્યું છે, તેના સ્વીકારને માટે ખુલ્લા મન અને દિલથી આપણે તૈયાર જ નથી.

આ પછી જોનાથન એકાંતમાં દૂરના મુલકમાં ઉડ્ડયનના પ્રયોગો ચાલુ રાખીને જીવે છે. એકાંત કે એકલવાયાપણાનું તેને દુ:ખ નથી, પરંતુ તેના બંધુઓ સમક્ષ જે ભવ્યતા પડી છે તેને તેઓ નકારી રહ્યા છે તેની જ માત્ર ગ્લાનિ છે. જોનાથન નિ:સંગી (alone) છે. એકલવાયો (lonely) નથી. એકલવાયાપણું શ્રી રામ જણાવે છે તે મુજબ માત્ર આવેગ છે, જ્યારે નિ:સંગીપણું તો શુદ્ધ આધ્યાત્મિકતા છે. જ્યાં સાચી પવિત્રતાની સાથે સંપૂર્ણ આઝાદી છે. નિ:સંગી બનવું એટલે સંપૂર્ણપણે અનાસક્ત હોવું જે એકાંતવાસી નહિ ઉપજી શકે. અનાસક્તિ મનની અંદરની સ્થિતિ સૂચવે છે. જેનું મન બાહ્ય ઝંઝાવાતોની અસરથી મુક્ત છે તે જ આધ્યાત્મિક શિખરે ઉડ્ડયન કરી શકે.

જોનાથન વધુ ને વધુ શીખતો જાય છે અને નિતનવીન તાજો ખોરાક ખાય છે. પોતાના જાતિ બંધુઓ વિશે જે ધારેલું, વિચારેલું તેનો ઉપભોગ માત્ર તે જ કરી રહ્યો છે. પોતાની સ્થિતિ માટે તે અત્યંત સંતોષી અને આનંદી છે. તે હવે સમજે છે કે કંટાળો, ભય, ક્રોધ બીજાં સીગલોનાં જીવનને ટૂંકાવી દેનાર છે. જે મનથી અમન બન્યું છે તે ક્ષણે ક્ષણે નવું શીખે છે, હરપળે નવાં સોપાનો સર કરતો જાય છે. તેની ઈન્દ્રિયો અને મન સંવેદનશીલ બન્યા છે. તેથી હંમેશ તે તાજો જ છે. તાજા ખોરાક વિશેનો નિર્દેશ અત્યંત માર્મિક છે. જેને હવે જુના લેણ-દેણની કોઈ ચૂકવણી બાકી નથી, જે પોતાના મનની મદદ વડે ક્રિયાઓ નથી કરતો. મનને વચ્ચે લાવીને ક્રિયા કરનાર વારે ઘડીએ કર્મનું ફળ અર્થાત્ ક્રિયા-પ્રતિક્રિયા અનુભવ્યા કરે છે, જે સહજપણે મુક્ત છે તે ક્રિયા-પ્રતિક્રિયા, આઘાત-પ્રત્યાઘાતથી મુક્ત છે.

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

એક સંધ્યાએ તે આકાશમાં ઉડ્ડયન કરતું હતું તે વેળા બે ઉજ્જવળ શ્વેત સીગલો તેની બંને પડખે ઊડવા લાગ્યાં. જોનાધને તેઓની પરીક્ષા લેવાનું વિચાર્યું. ધીમી ગતિએ પછી અત્યંત ઝડપી ગતિએ ઊડવાનું ચાલુ કર્યું, સાથે સાથે સમરસૉલ્ટ જેવી કસરત પણ કરવા લાગ્યો. તે જેમ કરતો હતો તેનુંજ તેઓ અનુકરણ કરતા હતા. પોતાની ગતિ ધીમી કર્યા બાદ થોડાંક શાંત થયાં પછી તેઓને પૂછે છે, 'તમે કોણ છો ?' જવાબમાં તેઓ જણાવે છે કે, 'અમે તારાંજ ટોળાનાં બંધુજનો છીએ. તને હવે વધુ ઉચ્ચ સ્થાને તારાં ઘર લઈ જવા આવ્યાં છીએ.' જવાબમાં તે જણાવે છે કે, મારું તો ઘર છે જ નહિ, હું તો જન્મટીપ પામેલો ન્યાત બહાર મૂકાયો છું. હવે મારાં વૃદ્ધ શરીરને વધુ ઊંચે લઈ જવાની મારામાં તાકાત નથી. તેઓ કહે છે, 'જોનાધન એક શાળાનું શિક્ષણ સમાપ્ત થતાં તારે હવે નવું આગળ શીખવાની શરૂઆત કરવાનો સમય આવ્યો છે.'

એને પોતાને અંદરથી સમજમાં આવ્યું કે ઉડ્ડયન વિશે હજી તે ઘણું શીખી શકે તેમ છે. તે વિચારે છે કે જિંદગી મુસાફરી છે, મોત એને પોતાને મુકામે લઈ જાય છે. જે જગ્યાએ વર્ષો પર્યંત ઉડ્ડયનનું શિક્ષણ લેતો રહ્યો, બરફના પર્વતો તથા સાગર તરફ નજર ઘુમાવીને જોઈ લે છે અને પછી કહે છે કે તૈયાર છું. રાત્રિના અંધકારમાં પેલા બે સાથીઓ સાથે જર્જરિત દેહ છોડીને ઊંચે ઊડીને અદૃશ્ય થઈ ગયો.

## ભાગ – ૨

ઉપર આવતાં જોનાધન વિચારે છે કે જુના શરીર કરતાં તે વધુ સારી રીતે ઊડી શકે છે, અડધા જ પ્રયત્ને બમણી ઝડપ શી રીતે આવતી હશે ? છતાં તેની ઝડપનીય સીમા છે.તેના બે સાથીદારો તેને નીચે ઉતરવા કહે છે. તે પોતે જ્યાંથી આવ્યું છે તે પૃથ્વીની ધૂંધળી છાપ તેની નજર સમક્ષ છે.તે પોતે થાક અનુભવી રહ્યું છે, સ્વર્ગમાં થાક લાગે ખરો ? ડઝનેક સીગલો તેને સ્મિતથી આવકારે છે. મનમાં વિચારે છે કે આજ તેનું ઘર છે અને થાકને પરિણામે ઊંઘી જાય છે. સ્થૂળ ભૂમિકા છોડ્યા પછીનું આ વર્ણન છે. થિયોસોફીની માન્યતા મુજબ વાસના દેહ દ્વારા તે સૂક્ષ્મ ભૂવનોમાં પ્રવેશી રહ્યું છે. વાસના દેહની પણ મર્યાદા છે ! અસામાન્ય વિશિષ્ટ એવો જીવાત્મા કે જે તૃષ્ણાથી પર થયો છે તે જ શાંતિપૂર્વક અભાનપણે નીચેની ભૂમિકાઓમાંથી પસાર થઈને પોતાનાં નિમ્ન વાહનો એક પછી એક છોડીને દેવાચનની ઉચ્ચ ભૂમિકાએ જાગ્રત થાય છે. અલબત્ત અપવાદજનક કિસ્સામાં જ આવી શક્યતા રહેલી છે. તે ખ્યાલમાં રાખવાનું છે. આપણે સૌ અદૃશ્ય બાબતો અંગે કોઈપણ જાતના પ્રત્યક્ષ અનુભવ સિવાય અનેક કલ્પનાઓ કરીએ છીએ. દરેક નવા અનુભવની પળે એજ આકૃતિઓ કે પ્રતિમાઓ (Images)ને પ્રત્યક્ષ સાકાર થયેલ જોવા ઈચ્છીએ છીએ. તેના અનુસંધાનમાં વિચારોની હારમાળા નિરંતર ચાલતી રહે છે. જોનાધન સ્વર્ગની ભૂમિકા ઉપર આવ્યા અગાઉ પોતાની માન્યતાઓને વિચારરૂપે રજૂ કરે છે.

દિવસો વીતતાં જોનાધનને લાગે છે કે અહીં શીખવાનું ઘણું જ છે. સૌ સીગલો ઉડ્ડયનમાં પૂર્ણત્વ મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે અહીંની ટેલીપથીની ભાષા પણ શીખી લીધી છે. શ્રીમતી બેસન્ટે દેવાચન ભુવન અંગે વર્ણવતાં જણાવ્યું છે. "અમુક અંશે જે ભૂતકાળમાંથી તે આવ્યો છે તેને અવલોકી શકે છે, તે વિકાસક્રમની પદ્ધતિ અને હેતુ અંગે સજાગ છે. તે પોતે

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

આત્મસાક્ષત્કારના કાર્યમાં રોકાયેલો છે. તેનાથી જ્ઞાત છે તથા નીચલા વાહનો દ્વારા સ્થૂળ જીવન અને મૃત્યુ પછીના જીવનમાં જે ભૂમિકાઓમાંથી તે પસાર થયો છે તેને ઓળખી શકે છે.''

જોનાધન એના નવા મિત્ર અને શિક્ષક સુલીવનને પૂછે છે, ''જ્યાંથી હું આવ્યો છું તેના કરતાં અહીં સીગલો આટલી ઓછી સંખ્યામાં કેમ છે ?'' સુલીવન જણાવે છે, ''ત્યાં તો અસંખ્ય છે. તું તો કરોડોમાં એક એવું અદ્ભૂત સીગલ છે તે એનું કારણ છે. આપણામાંના ઘણાં અત્યંત ધીમી ગતિએ આવે છે. એક દુનિયામાંથી બીજીમાં ગયા પછી આપણે ક્યાંથી આવ્યા તેનો ખ્યાલ સતાવતો નથી. કેટલી હજારો જિંદગી દરમિયાન માત્ર ખ્યાલ આવ્યો કે ખાવા, પીવા અને ઝઘડવા સિવાય પણ કંઈ જીવન છે ! તેની અગાઉ હજારોવાર આવાગમનનાં ચક્કર લગાવ્યા હશે. પૂર્ણત્વ જેવું કંઈ છે તેવું વિચારવામાં જ સો એક જિંદગી વીતાવી હશે. ત્યારબાદ જીવનનો હેતુજ પૂર્ણત્વ માટે છે તે અંગેના પ્રયત્નોમાં સો એક જિંદગી વીતાવી હશે. તેની તને જાણ છે ખરી ? આ દુનિયામાં જે કંઈ શીખીશું તેના ઉપર થી જ બીજી દુનિયાની પસંદગી થઈ શકે. આપણી સીમાઓ આપણે જ પાર કરવી રહી, તે માટે આપણે જ શીખવાનું છે. પણ જોન, તું એટલો પારંગત છે કે તારે માટે હવે હજારો જિંદગીનો પ્રશ્ન જ નથી વિકાસક્રમ, કર્મનો નિયમ અને જીવનનો હેતુ ટૂંકમાં પણ સ્પષ્ટ રીતે રજૂ કર્યો છે ! પૃથ્વી ઉપરની શાળામાં જીવનનાં મર્મને પામવા પ્રયત્નશીલ રહ્યાં હોઈશું તોજ મૃત્યુ બાદ પણ એ દિશામાં ત્વરિત ગતિ કરી શકીશું. જેવું અહીં તેવું જ ત્યાં ! પૂર્ણત્વના પથના પથિક બનવા અગાઉ અનેક જિંદગીઓ પસાર થઈ છે. આ પંથના પથિક બનવાનો નિર્ણય કર્યા પછીય માર્ગમાં દેખાતી ભૂલભૂલામણીમાં ખોવાઈ જઈએ છીએ. ફરી યાદ આવતાં ચાલવાનું શરૂ કરીએ છીએ. ધ્યેય અંગેનું પરોક્ષજ્ઞાન હોવા છતાંય આપણા સૌનાં સઘળા પ્રયત્નો ધ્યેયગામી નથી હોતા, તેથી જ જન્મજન્માંતરથી પ્રયત્નો કરતાં હોવા છતાંય અત્યંત ધીમી ગતિએ મુસાફરી ચાલે છે. એક વેળા 'સ્રોતાપન્ન' બનીને દિવ્યપંથે ગતિ શરૂ કર્યા પછી વ્યક્તિ ધારે તેટલી ઝડપે ધ્યેય પ્રાપ્ત કરી શકે. પરમ ધ્યેયને નજર સમક્ષ રાખી ઝડપી ગતિએ પૂર્ણત્વ પામનાર જોનાધનનાં જેવું જ આપણાં સાહિત્યમાં 'આલ્કીઓન'નું ઉદાહરણ મૂર્તિમંત થયું છે.

એક સંધ્યાએ તેઓનું સૌથી વડું સીગલ કે જે હવે થોડા સમયમાં બીજા જગતમાં જવાની તૈયારીમાં હતું તેની સમક્ષ જઈને બોલે છે. ''ચીઆન્ગ, આ જગત શું સ્વર્ગ છે ?'' ચીઆન્ગ તેને કહે છે, 'બેટા, તું ફરી શીખી રહ્યો છે.'' ''આપણે અહીંથી ક્યાં જઈશું ? શું સ્વર્ગ જેવું કંઈ નથી ?'' ચીઆન્ગ તેના પ્રત્યુત્તરમાં જણાવે છે, ''ના, સ્વર્ગ જેવી કોઈ જગ્યા નથી. તે સમય પણ નથી. સ્વર્ગ એટલે પૂર્ણત્વ ! તું ઘણોજ ઝડપી ઉડનાર છે ખરૂં ?'' જોનાધન કહે છે, ''હું ઝડપમાં મોજ અનુભવું છું.'' તેના જવાબમાં છુપાયેલી અભિમાનની છાંટ પામી જાય અને આગળ જણાવે છે ''તું સ્વર્ગને ક્ષણમાત્રમાં સ્પર્શી શકે, હજાર માઈલ પ્રકાશના કિરણની ઝડપે ઊડવાનું નથી કારણ કે સાચી યુક્તિએ છે કે તમે નાનકડા શરીરની મર્યાદામાં બંધાયેલ તે ભૂલી જવાનું છે. સાચી યુક્તિ સાચો સ્વભાવ, મુજબ જીવવાનું જ છે. દરેક સ્થળ અને સમયની મર્યાદા ઓળંગી સર્વત્ર પૂર્ણત્વ પામી શકે. પૂર્ણત્વને સીમા ન હોય, પૂર્ણ ઝડપ આવી

*(અનુસંધાન પાન-૧૪ ઉપર)*

# સ્વ. વીરાબેન સ્મૃતિ શિબિર અંગેની અગત્યની જાહેરાત

સનાતન લોજ, સુરતના યજમાન પદે તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ યોજાનાર સ્મૃતિ શિબિર કોરોનાનાં વધતાં સંક્રમણને કારણે રદ કરવામાં આવે છે, જેની તમામ સભ્યોને નોંધ લેવા વિનંતી છે.

આ શિબિર **Online** યોજાશે, જેનો સમય ૬ ફેબ્રુઆરીના રોજ રવિવારે સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમિયાન રહેશે. સભ્યોને **Online** શિબિરમાં ભાગ લેવા માટે **Link** મોકલવામાં આવશે. આપણે સૌ ઉત્સાહભેર તેમાં ભાગ લઈશું.

*(સનાતન લોજ, સૂરત, પ્રમુખ તથા મંત્રી દ્વારા વિજ્ઞપ્તિ)*

## શ્રદ્ધાંજલિ


સ્વ. ડૉ. નીતિનભાઈ વ્યાસ

રેવા લોજ, વડોદરાનાં મૂર્ધન્ય સભ્ય પ્રો. ડો. નીતિનભાઈ વ્યાસનું તા. ૧૭મી ડિસેમ્બરની વહેલી સવારે ૩.૦૦ વાગે અવસાન થયેલ છે. તેમનો ડિપ્લોમા નં. ૬૭૨૨૫ છે. હસમુખા સ્વભાવના તથા મિતભાષી નીતિનભાઈ સભ્યોમાં ખૂબ જ લોકપ્રિય હતાં. વાંચનનો શોખ અને 'થિયોસોફી'નાં વિષયોની ઊંડી સમજ ધરાવતાં હતાં. સદ્‌ગતનાં આત્માને ઈશ્વર શાંતિ અર્પે, તેમના કુટુંબીજનો પર આવી પડેલી આપત્તિ અને દુ:ખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના લોજ તથા ફેડરેશનનાં સૌ સભ્યો કરે છે અને શ્રદ્ધાસુમન અર્પે છે...

**સુધારો** : ડિસેમ્બર-૨૦૨૧ના અંકમાં પાના ૨૦ ઉપર "આપણો પુસ્તક પ્રેમ" શીર્ષક હેઠલ છપાયેલ માહિતીમાં છેલ્લેથી ઉપરની ત્રીજી લાઈનમાં "મેં જે.કૃ.ના દરેક ગ્રંથો"ની જગ્યાએ "મેં જે.કૃ.ના દસેક ગ્રંથો" એમ વંચાણમાં લેવું. (આભાર સહ... શ્રી હર્ષદ મ. દવે દ્વારા સુચીત...)

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

# શાખા સમાચાર

- **રોહિત લોજ, અમદાવાદ :- (દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ) :**
  નવેમ્બર ૨૦૨૧ દરમિયાન ૧૩મીએ "મન અને માંદગીનો સંબંધ" વિષે ડૉ. કિરણ સીંગલોત (રેવા લોજ, વડોદરા), ૨૦મીએ "મન સાથે મૈત્રી" વિષે અમદાવાદ લોજનાં પ્રમુખ શ્રી રમેશભાઈ ડોલિયા અને ૨૭મીએ "વસ્તુઓની ગૂઢબાજુ" વિષે રોહિત લોજનાં મંત્રી શ્રી ધવલ શેઠે પ્રવચનો કર્યાં.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :- (દર બુધવારે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન યોજાતી સભાઓ) :**
  ડિસેમ્બર દરમિયાન ૧લીએ "શ્રી ગુરુચરણે" વિષે સુશ્રી વર્ષા પટેલે, ૮મીએ "'સ્વ'ની ખોજ" વિષે સુશ્રી અનસુયાબેન દેસાઈએ, ૧૫મીએ "સંત કબીર અને જે. કૃષ્ણમૂર્તિ" વિષે શ્રી હર્ષવદન શેઠે, ૨૨મીએ "સૌંદર્ય અને થિયોસોફી" વિષે શ્રી ડૉ. થોમસ પરમારે પ્રવચનો કર્યાં. ૨૯મી ડિસેમ્બરે સંગીત સંધ્યાનો કાર્યક્રમ, બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૩૦ દરમિયાન શ્રી બાલકૃષ્ણ હવેલી, મણીનગર મુકામે યોજાયો.
- **ત્રિવેણી કાર્યક્રમ :- (દર મંગળવારે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન રેવા લોજ, રોહિત લોજ તથા જ્યોતિ લોજ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે યોજાતો કાર્યક્રમ) :**
  નવેમ્બરની બીજીએ "आसक्ति और अहंकार" વિષે શ્રી અશોક પ્રતાપ લોખંડેજીએ મુખ્ય પ્રવચન કર્યું. જેનું અંગ્રેજીમાં ભાષાંતર શ્રી હર્ષવદન શેઠે કર્યું અને ગુજરાતીમાં ભાષાંતર શ્રીમતી અર્ચના મુનશીએ કર્યું. ૯મીએ "ધી મીસ્ટરી ઓફ લાઈફ એન્ડ હાઉ થિયોસોફી અનવેઈલ્સ ઈટ" વિષે દિલ્લીનાં યુવા સભ્ય કુ. ક્રિતીકા ગોયલે મુખ્ય પ્રવચન આપ્યું. જેનો અનુવાદ હિન્દીમાં "जीवन का रहस्य और थियोसोफी ने इसका अनावरण कैसे किया" શીર્ષક હેઠળ જોધપુરની યુવા સદસ્ય રુદ્રાક્ષી દેવ અને ગુજરાતીમાં સૂરતનાં શ્રી દિવ્યરાજ ઠાકરીયાએ ભાષાંતર કર્યું. યુવાનોની આ ત્રિવેણી સભાનું સંચાલન પૂનાથી કુ. પૂજા ગોલેએ કર્યું. ૧૬મીએ સંગીતમય ભક્તિ સ્વરૂપે થિયોસોફીકલ સોસાયટીનાં સ્થાપનાં દિનની ઉજવણીનાં અનુસંધાનમાં "ભક્તિ આંદોલન અને થિયોસોફી" વિષે અંગ્રેજીમાં અડ્યારથી સુશ્રી જયશ્રી કન્નને મુખ્ય રજૂઆત કરી. હિન્દીમાં અનુવાદ મુંબઈથી શ્રી તરલ મુનશીએ કર્યો અને ગુજરાતીમાં વડોદરાનાં શ્રીમતી રાજેશ્વરીબેન દવેએ ભાષાંતર કર્યું. ૨૩મીએ મુખ્ય વક્તા અડ્યારથી શ્રીમતી કેટેલીના (અગ્નીહોત્રી) ઈસાઝ કેન્ટરે "લીવીંગ ફ્રોમ ધી હાર્ટ" વિષે પ્રવચન કર્યું. હિંદીમાં "दील से जीना" શીર્ષક હેઠળ અડ્યારથી શ્રી શિખર અગ્નીહોત્રીએ ભાષાંતર કર્યું. ગુજરાતીમાં ભાષાંતર મુંબઈથી શ્રીમતી અર્ચના મુનશીએ રજૂ કર્યું. ૩૦મીએ "પ્રાચીન ભારતમાં તબીબી આચારસંહિતા" વિષે ગુજરાતીમાં મુંબઈ ફેડરેશનનાં ભૂતપૂર્વ પ્રમુખ મુરબ્બી ડૉ. અજયભાઈ હોરાએ મુખ્ય પ્રવચન આપ્યું. અંગ્રેજીમાં અનુવાદ "કોડ ઓફ મેડિકલ એથિક્સ ઓફ એન્શિયન્ટ ઈન્ડિયા" શિર્ષક હેઠળ થિયોસોફીક જ્યોતિનાં તંત્રી શ્રી હર્ષવદન શેઠે અંગ્રેજીમાં અનુવાદ રજૂ કર્યો. હિન્દી અનુવાદ નેશનલ લેક્ચરર અને સનાતન લોજનાં ઉપપ્રમુખ શ્રી નરસિંહભાઈ ઠાકરીયાએ રજૂ કર્યો.
- **રેવા લોજ, વડોદરા :- (સવારે ૯.૩૦ થી ૧૦.૩૦) :**
  નવેમ્બર દરમિયાન ૧૪મીએ નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ સર્વે સભ્યો દ્વારા યોજાયો. ૨૧મીએ દુઃખનો અંત વિષે શ્રી હર્ષદભાઈ દવેએ પ્રવચન કર્યું. ૨૮મીએ હાજર સભ્યો દ્વારા ભારત સમાજ પૂજા યોજાઈ. ડિસેમ્બર દરમિયાન પાંચમીએ "થિયોસોફી" વિષે શ્રી ગુલામભાઈ મલેક, ૧૨મીએ "વૈશ્વાનર વિદ્યા" વિષે શ્રી નિખિલભાઈ દેસાઈ અને ૧૯મીએ "શું સલામતી જેવી કોઈ ચીજ છે ખરી ?" વિષે શ્રી હર્ષદભાઈ દવેએ પ્રવચનો કર્યા. ૨૬મીએ સભ્યો દ્વારા ભારત સમાજ પૂજા તથા શાતાવાહક વિધિ કરવામાં આવી. લોજનાં કાર્યક્રમોમાં ઓનલાઈન જોડાવાની તક સભ્યોને પ્રાપ્ત થઈ રહી છે.
- **ભાવનગર લોજ, ભાવનગર :** ભાવનગર લોજ, થિયોસોફિકલ સોસાયટીની સંસ્થાકીય પ્રવૃત્તિઓ છેલ્લાં ૨-૩ વર્ષથી બંધ હતી. તે શરૂ કરવા માટે નેશનલ ઈન્ડિયા સેક્શન તથા ગુજ. થિયો. ફેડ. દ્વારા લોજ ફરી સક્રિય થાય તે માટે કાર્યવાહી કરવા માટે પ્રતિનિધિ તરીકે શ્રી પ્રદીપસિંહજી ગોહીલની નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓશ્રીનાં અધ્યક્ષ સ્થાને

*(અનુસંધાન પાન-૧૩ ઉપર)*

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

Printed Matter Periodicals THEOSOPHIC JYOTI January–2022

To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## આપણો પુસ્તક પ્રેમ...



### "ધ્યાન"

મૂળ રચનાકાર : જે. કૃષ્ણમૂર્તિ
અનુવાદક : સ્વ. શિવલાલ મોદી

૧૯૮૦માં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા તરફથી પ્રગટ થયેલ સંગ્રહ **"Meditations"**નો અનુવાદ છે. આ પુસ્તિકા ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા વર્ષ ૧૯૯૦માં પ્રથમ આવૃત્તિ તરીકે પ્રકાશિત થયું. ભાષાંતર અત્યંત સરળ અને રોચક છે. પુસ્તકનાં કુલ ૬૬ પાનામાં ધ્યાન વિષેનાં જે. કૃ.એ વિધાનો કરેલાં છે, તેનો દરેક પાને વિશિષ્ટ રીતે પસંદ કરાયેલાં ફકરાઓને સમાવિષ્ટ કરેલા છે. વાચકને જે. કૃ.ના ધ્યાન અંગેનાં વિચારો સરળતાથી સમજાય છે અને મંત્રમુગ્ધ કરે છે.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH